# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
## યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,
## સુરત–૭

**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફક્ત સભ્યોની જાણ માટે** **તા. ૨૮–૧–૨૦૦૩**

## –: કાર્યવાહી :–

સિન્ડિકેટની **સામાન્ય સભા** મંગળવાર, તા.૨૮–૧–૨૦૦૩ ના રોજ બપોરે ૧–૦૦ કલાકે યુનિવર્સિટી ના કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. જયેન્દ્રકુમાર જગન્નાથ ભટ્ટ (ઉપ કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર |
| ૬. | આચાર્યશ્રી રસેશ ચંદ્રસુખરામ શુકલ | હાજર |
| ૭. | આચાર્યશ્રી ડૉ. બોમી બરજોરજી કાવીના | હાજર |
| ૮. | ડૉ. કિશોર રતીલાલ દેસાઇ | હાજર |
| ૯. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૦. | પ્રા.ડૉ. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ | હાજર |
| ૧૧. | પ્રા. ગિરીશભાઇ નવનીતલાલ રાણા | હાજર |
| ૧૨. | શ્રી. કિશોરભાઇ રામજીભાઇ વાઘેલા | હાજર |
| ૧૩. | પ્રા. અનિલભાઇ જગદીશચંદ્ર ગોયલ | હાજર |
| ૧૪. | પ્રા. ભગવાનદાસ ગાંડાલાલ પંચાસરા | હાજર |

(૧) સિન્ડિકેટ તા: ૭–૧–૨૦૦૩ ની તાકીદની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: સિન્ડિકેટ, તા: ૭–૧–૨૦૦૩ ની તાકીદની (Urgent) સભાની કાર્યવાહી નીચેના સુધારા સાથે મંજૂરી કરવામાં આવી હતી અને ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

કાર્યવાહીના પાના નંબર ૨ (બે) પર ઠરાવ ક્રમાંક: (૩) માં આચાર સમિતિની તા: '૧૭–૧૦–૨૦૦૨' ને બદલે '૧૭–૧૨–૨૦૦૨' સુધારીને વાંચનમાં લેવી.

કાર્યવાહીના પાના નંબર ૩ (ત્રણ) પર ઠરાવ ક્રમાંક: (૭) માં "બિલ્ડીંગ બાંધવા " પછી " સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે તેમ " ઉમેરીને વાંચનમાં લેવું.

(૨) યુનિવર્સિટી સંલગ્ન ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ, ઉધના સંચાલિત નવી કોમર્સ કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩થી જોડાણ આપવામાં આવ્યું ત્યારે, "ઉધના એકેડમી કોલેજ ઓફ કોમર્સ" નામ રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ, પ્રસ્તુત ટ્રસ્ટના સેક્રેટરીએ તેમના તા.૧૨–૯–૨૦૦૨ના પત્રાંક: ૦૨ – ૦૩ થી "ધી ઉધના એકેડમી કોલેજ ઓફ કોમર્સ " ના બદલે "ઉધના સીટીઝન કો.ઓ.બેંક કોમર્સ કોલેજ" નામ રાખવા અંગે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમર્સ કોલેજનું નામ "ધી ઉધના એકેડમી કોલેજ ઓફ કોમર્સ " ને બદલે "ઉધના સીટીઝન કો.ઓ.બેંક કોમર્સ કોલેજ" રાખવાની પ્રસ્તુત ટ્રસ્ટના સેક્રેટરીની વિનંતી ગ્રાહય રાખવી.

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી મણીલાલ હરિલાલ કડકિયા ચેરિટેબલ ટ્રસ્ટ, બરોડા દ્વારા અંકલેશ્વર મુકામે હોમ–સાયન્સ કોલેજ શરૂ કરવા માટે એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ સાથે જોડાણ મેળવવા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું "ના વાંધા પ્રમાણપત્ર" ( No Objection Certificate) આપવા માટેની વિનંતી કરતાં શ્રી મણીલાલ કડકીયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝના ડાયરેકટરશ્રીએ તેમના તા.૨૪–૧૦–૨૦૦૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મણીલાલ હરીલાલ કડકીયા ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ને હોમ – સાયન્સ કોલેજ શરૂ કરવા માટેનું એન.ઓ.સી. આપવું નહીં આ અંગેની જાણ રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા SNDT યુનિવર્સિટીને કરવી.

(૪) જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી બી.કોમ.(ગુજરાતી માધ્યમ)નો એક વર્ગ શરૂ કરવા પ્રસ્તુત ટ્રસ્ટના પ્રમુખશ્રીએ તેમના તા.૨૧–૧૨–૨૦૦૨ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

| | |
|---|---|
| (૧) પ્રા.ભગવાનદાસ પંચાસરા | (૨) શ્રી કિશોરભાઈ વાઘેલા |
| (૩) આ.શ્રી. જે.એમ.નાયક | (૪) શ્રી વિનોદભાઈ પટેલ (બારડોલી) |

(૫) ગુડ સેફર્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા સૂચિત રાજીવ ગાંધી મેમોરિયલ ફાર્મસી કોલેજ, સુરતની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી શરૂ કરવા માટે પ્રસ્તુત ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા.૩૦–૧૦–૦૨ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

| | |
|---|---|
| (૧) ડૉ.કે.આર.દેસાઈ | (૨) આ.ડૉ.ભાસ્કરભાઈ રાવલ |
| (૩) પ્રા.અનિલભાઈ ગોયલ | (૪) ડૉ.એચ.એમ.ટાંક (વાપી) |
| (૫) ડૉ.બી.એન.સુહાગીયા | |

(૬) ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી કોમ્પ્યુટર એપ્લીકેશન વિષયનો વ્યવસાયલક્ષી સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૫–૧૧–૨૦૦૨ના પત્રાંક: જોડાણ/કોમ્પ્યુટર એપ્લી./૨૦૦૨–૦૩/૩૭૨ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) આ.શ્રી આર.સી.શુકલ (૨) પ્રા.ગિરીશભાઇ રાણા

(૩) આ.ડૉ ભરતભાઇ નાયક (૪) ડૉ.અપૂર્વ દેસાઇ

(૫) પ્રા. સાધનાબેન ભંડારી

(૭) શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટી, વાલિયા સંચાલિત વાલીયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, વાલિયાની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ડાયરેકટરશ્રીએ તેમના તા.૨૪–૧૨–૨૦૦૨ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડૉ.કે.આર.દેસાઇ (૨) પ્રા.અનિલભાઇ ગોયલ

(૩) શ્રી ધનંજય વી.ભટ્ટ (૪) ડૉ.જતીન એ. દેસાઇ

(૫) શ્રી સંજય દેસાઇ (નવસારી) (૬) ડૉ. જે.સી.વ્યાસ

(૮) એમ.કે.ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ભરૂચની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ડાયરેકટરશ્રીએ તેમના તા.૧૧–૧૨–૨૦૦૨ના પત્રાંક: એમકેએચ/૦૭૯/૨૦૦૨–૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડૉ. કે.આર.દેસાઇ (૨) પ્રા.અનિલભાઇ ગોયલ

(૩) પ્રા.જયેશભાઇ દેશકર (૪) ડૉ. અપૂર્વ દેસાઇ

(૫) પ્રા. સોનાલી સિલવડકર

(૯) ડાહયાભાઇ એચ.પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, ભરૂચની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.પી.એડ.નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ડિરેકટરશ્રીએ તેમના તા.૧૦–૧૨–૦૨ના પત્રાંક: ૧૪/ડીએચપીસીપીઇ/૨૦૦૨–૦૩ સાથે

યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા.ગિરીશભાઈ રાણા (૨) શ્રી કિશોરભાઈ વાઘેલા

(૩) શ્રી દિપકભાઈ આફ્રિકાવાળા (૪) આ.શ્રી એમ.ઓ.શાહ

(૫) ડૉ. રૂસ્તમ સદરી

(૧૦) એમ.કે.કોલેજ ઓફ કોમર્સ, ભરૂચની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી કોમ્પ્યુટર એપ્લીકેશનનો વ્યવસાયલક્ષી સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૫/૯–૧૨–૨૦૦૨ કે/૬૬૭/૯૭/૨૦૦૨–૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) આ.શ્રી આર.સી.શુકલ (૨) પ્રા. ગિરીશભાઈ રાણા

(૩) આ.શ્રી યુ.ટી.દેસાઈ (૪) આ.ડૉ.ભરતભાઈ નાયક

(૫) ડૉ. અપૂર્વ દેસાઈ

(૧૧) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્નિત સ્વનિર્ભર બી.બી.એ.નો અભ્યાસક્રમ ધરાવતી કોલેજોના વિદ્યાર્થીઓને Industrial Training મળી રહે તથા નોકરીની શકયતાઓ તપાસી તેમના પ્લેસમેન્ટ માટે સક્રિય પ્રયત્નો કરી શકવાના હેતુથી Training & placement officer ની નિમણૂંક કરવાની કાર્યવાહી કરવા અને સંબંધિત કોલેજોને સૂચના આપી શકાય તે અંગે જરૂરી મંજૂરી આપવાની યુનિવર્સિટીને વિનંતી કરતા એકેડમિક કાઉન્સિલના સભ્ય પ્રા. જયેશભાઈ વી.દેશકરના મળેલ તા.૧૩–૧૨–૦૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો. પરંતુ જે તે કોલેજના વર્કલોડ તથા ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ ઓફીસરની લાયકાત વગેરે નક્કી કરવા માટે ફેકલ્ટી સમક્ષ રજૂ કરવું.

(૧૨) ૫ ગુજરાત બેટેલિયન એન.સી.સી.ના કમાન્ડીંગ ઓફિસરશ્રી સુરતે તેમના તા.૧૦–૧–૨૦૦૩ ના પત્રાંક/૫/૮૫૭/૧/ક્યૂ થી એન.સી.સી.ની પ્રવૃતિઓ કરવા માટે યુનિવર્સિટી કેમ્પસ પર ૭ એકર જમીન ફાળવવા બાબતે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત. **(બાંધકામ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ૫ ગુજરાત બેટેલિયન એન.સી.સી.ને યુનિવર્સિટી કેમ્પસ ખાતે એન.સી.સી. પ્રવૃતિઓ કરવા માટે યુનિવર્સિટી કેમ્પસ પર જમીન ફાળવવા માટે સિન્ડિકેટની તા: ૮–૮–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: (૬) થી સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ હોય, જેના સંદર્ભમાં કેમ્પસ પર ૭ એકર જમીન ફાળવવા માટે તેઓ સાથે કરાર કરવા માટેની શરતો તૈયાર કરવા નીચેના સભ્યોની બનેલી સમિતિ નિમવી:

(૧) આ.શ્રી આર.સી.શુકલ

(૨) શ્રી હેમંતભાઈ ટોપીવાલા

(૩) પ્રા. ભગવાનદાસ પંચાસરા

(૧૩) કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની તા.૭–૧–૨૦૦૩ સભાના ઠરાવ ક્રમાંક: ૨ (વર્કશોપ માટે નાણાંકીય સહાય મંજૂર કરવાનો ઠરાવ) અંગે વિચારણા કરવા બાબત. **(યુ.જી.સી/સી.ડી.સી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સિલની સભાની ભલામણ ક્રમાંક: (૨) માં જણાવ્યા મુજબ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ ધ્વારા હાલના અભ્યાસક્રમોમાં સૂચવેલ સુધારા થયા બાદ તેના આનુષાંગિક પગલા રૂપે જુદા જુદા વિષય માટે યોજનાર વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના ભાડા, દૈનિક ભથ્થાં તેમજ રિસોર્સ પર્સન્સને ભાડા, દૈનિક ભથ્થા, માનદ વેતન નિયમાનુસાર આ વર્ષ (સને ૨૦૦૨–૨૦૦૩) માટે બજેટના પૃષ્ટ–૨૬ પર કરેલ નાણાંકીય જોગવાઈના વણવપરાયેલ રકમ માંથી આપવાનું રાખવું.

(૧૪) યુનિવર્સિટી કાર્યાલયનાં વિવિધ વિભાગોનાં નીચે જણાવેલ કર્મચારીઓની તેમની નિમણૂંકનો અજમાયશી સમય તેમની સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને નોકરીમાં કાયમ કરવા

અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

(નોંધ: પ્રસ્તુત કર્મચારીઓના ખાનગી અહેવાલો સભામાં રજૂ કરવામાં આવશે.)

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શ્રી એ.એમ.શાહ. (પરીક્ષા) | | સિનિયર કલાર્ક | તા: ૩૧–૧૦–૦૨ |
| ૨. | કુ. બી.સી.દેસાઇ | (પરીક્ષા) | –એજન– | તા: ૩૧–૧૦–૦૨ |
| ૩. | શ્રી આર.આર.નાયક | (હિસાબી) | –એજન– | તા: ૩૧–૧૦–૦૨ |
| ૪. | શ્રી બી.બી.દેસાઇ | (પરીક્ષા) | –એજન– | તા: ૧–૧૧–૦૨ |
| ૫. | શ્રી એફ.એન.વસાવા | (અનુસ્નાતક) | –એજન– | તા: ૧–૧૧–૦૨ |
| ૬. | શ્રી આર.આર.દેસાઇ | (પરીક્ષા) | –એજન– | તા: ૧૬–૧–૦૩ |
| ૭. | શ્રી ડી.એન.ગાંધી | (યુ.જી.સી) | હેડ કલાર્ક | તા: ૩૧–૧૦–૦૨ |
| ૮. | શ્રી એન.એમ.પટેલ | (શૈક્ષણિક) | હેડ કલાર્ક | તા: ૧–૧૧–૦૨ |
| ૯. | શ્રી હિમાંશુ એ.પરમાર | (એમ.એસસી.આઇ.ટી) | પ્રોગ્રામર | તા: ૧૧–૯–૦૨ |
| ૧૦. | શ્રીમતી જીગીશા એમ.ચૌહાણ | (એમ.એસસી.આઇ.ટી) | ટેકનીકલ આસિ. | તા: ૧૧–૯–૦૨ |

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુક્રમ નં: ૫ શ્રી એફ.એન.વસાવાની બાબત પરીક્ષા આચારસમિતિ સમક્ષ હોવાથી તેમના સિવાયના તમામ કર્મચારીઓને કાયમી કરવા. શ્રી વસાવા માટે પરીક્ષા આચારસમિતિનો નિર્ણય થયા પછી અલાયદી બાબત રજૂ કરવી.

(૧૫) લો ફેકલ્ટીમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે ફેકલ્ટી ઓફ લૉ, એમ.એસ.યુનિવર્સિટીના ડૉ.એસ.એન.પરીખની અરજી પર અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૭–૫–૦૨/૩૦–૯–૦૨ની સભાના નીચેના ઠરાવ ક્રમાંક: ૪૬ અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે. તે અંગે વિચારણા કરવા બાબત.

"ફેકલ્ટી ઓફ લૉ, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાના ડૉ.એસ.એન.પરીખને પીજી રૂલ્સ–૧૪ મુજબ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી."

**(પી.જી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત અનુસ્નાતક શિક્ષણ મંડળને ફેરવિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કોઇ વિદ્યાર્થી પીએચ.ડી. પદવી માટે રજીસ્ટ્રેશન કરાવવા માંગતા હોય અને કાનૂન વિદ્યાશાખા અથવા અન્ય કોઇ

વિદ્યાશાખામાં યુનિવર્સિટીના પીએચ.ડી. ની માન્યતા પ્રાપ્ત ગાઈડ જો ન હોય તો પીએચ.ડી. ના નિયમ ૨૬ અનુસાર અરજી કરવી.

(૧૬) યુનિવર્સિટી ખાતે ફોરેન લેંગ્વેજ ( જર્મન, ફ્રેન્ચ, જાપાનીઝ) વગેરેનો સર્ટીફીકેટ કોર્સ/ડીપ્લોમાં કોર્સ કેરીયર ડેવલપમેન્ટ સેલના નેજા હેઠળ શરૂ કરવા માટે શ્રી જયેશભાઈ વી.દેશકર ના તા.૧૩–૧૨–૨૦૦૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે ઉપરોકત કોર્સ કેરીયર ડેવલપમેન્ટ સેલના નેજા હેઠળ શરૂ કરવા માટે શ્રી જયેશભાઈ વી.દેશકર ની વિનંતી સ્વીકારવી અને પ્રસ્તુત બાબતે આગળની કાર્યવાહી કરવાની જવાબદારી ડીનશ્રી 'સીડીસી' ને સોંપવી.

(૧૭) આગામી એપ્રિલ/મે–૨૦૦૩ માં લેવાનારી યુનિવર્સિટીની સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓની તારીખો નક્કી કરવા માટે સિન્ડિકેટે તેની તા.૧૯–૧૨–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૩૪ થી નિમેલ સમિતિની તા.૮–૧–૨૦૦૩ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

૩. યુનિવર્સિટીની પરીક્ષાઓ તા.૭–૫–૨૦૦૩ના રોજ પુરી થતી હોઈ અને સંલગ્ન કોલેજો માટે યુનિવર્સિટીનું બીજુ સત્ર તા.૨૬–૪–૨૦૦૩ના રોજ પુરુ થાય છે તેને બદલે તા.૭–૫–૨૦૦૩ના રોજ પુરુ કરવાનું થાય. તેમજ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો માટે

બીજુ સત્ર જે તા.૧૦–૫–૨૦૦૩ના રોજ પુરુ થાય છે તેને બદલે તા.૧૭–૫–૨૦૦૩ના રોજ પુરુ કરવાનું થાય. શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટેના પ્રથમ સત્રની શરૂઆત તા.૨૬–૬–૨૦૦૩ થી સંલગ્ન કોલેજોમાં કરવાની થાય એમ આ સમિતિ ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓની તારીખો નક્કી કરવા માટેની સમિતિની તા: ૮–૧–૨૦૦૩ની સભાની ઉપરોકત ભલામણો સ્વીકારવી.

(૧૮) શ્રી રજજુ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બી.બી.એ. પ્રોગ્રામ, વાપીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી બી.બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના નિયામકશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા.ભગવાનદ્રાસ પંચાસરા (૨) શ્રી કિશોરભાઈ વાઘેલા

(૩) આ.શ્રી એન.ડી.ગામી (૪) પ્રા. નીખીલ જોષી (નવસારી)

(૧૯) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કરચેલિયા–મહુવામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી બી.એડ.નો અભ્યાસક્રમ શરૂ કરવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા: ૨૭–૧૨–૨૦૦૨ ના પત્રાંક: મકમ/સવવક/મહુવા/૨૪૯–૫૦ સાથે યુનિવર્સિટીને મોકલેલ જાડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા.અનિલભાઈ ગોયલ (૨) પ્રા. ગિરીશભાઈ રાણા

(૩) શ્રી હેમંતભાઈ ટોપીવાલા (૪) આ.ડો.નાનુભાઈ પટેલ (બિલિમોરા)

(૫) પ્રા.કિશોરસિંહ દેસાઈ

(૨૦) શ્રી મહાવીર વિદ્યા મંદિર ટ્રસ્ટ, ઉધના, સુરત ધ્વારા સુરત મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪થી સૂચિત સ્વનિર્ભર બી.એડ. કોલેજ શરૂ કરવા પ્રસ્તુત ટ્રસ્ટના વ્યવસ્થાપકશ્રીએ તેમના તા: ૧૯–૧૨–૨૦૦૨ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડો.કે.આર.દેસાઈ (૨) પ્રા. અનિલભાઈ ગોયલ

(૩) પ્રા.ભગવાનદ્રાસ પંચાસરા (૪) આ.ડો.નાનુભાઈ પટેલ (બિલિમોરા)

(૫) પ્રા. કિશોરસિંહ દેસાઈ

(૨૧) શ્રીજી બાપા ચેરીટેબલ ટ્રસ્ટ, અંકલેશ્વર સંચાલિત સૂચિત શ્રીજી કોલેજ ઓફ એજ્યુકેશનની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી નવું જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા: ૧૦–૧૨–૨૦૦૨ના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા. ગિરીશભાઈ રાણા (૨) પ્રા. અનિલભાઈ ગોયલ

(૩) આ.શ્રી ભાસ્કરભાઈ રાવળ (૪) આ.ડો.વિનોદભાઈ પટેલ (સુરત)

(૫) આ.ડો. નાનુભાઈ પટેલ (બિલિમોરા)

(૨૨) વિદ્યામંદિર કોલેજ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સ, સુરતની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ઈનચાર્જ ડાયરેકટરશ્રીએ તેમના તા: ૧૯–૧૨–૨૦૦૨ના પત્રાંક: ૨૦૦૨–૦૩/૭૬ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડો. કે.આર.દેસાઈ (૨) પ્રા. અનિલભાઈ ગોયલ

(૩) ડો. એસ.વી.પટેલ (૪) પ્રા. સ્નેહલ જોષી (વલસાડ)

(૫) પ્રા. સોનલ શાહ (અમરોલી)

(૨૩) સરકારી વિનયન કોલેજ, વાંસદા શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી બી.એડ. કોલેજનું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા: ૧૧/૧૩–૧–૨૦૦૩ના પત્રાંક: ૧૮ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા.અનિલભાઈ ગોયલ (૨) પ્રા. ભગવાનદાસ પંચાસરા

(૩) આ.ડો નાનુભાઈ પટેલ (બિલિમોરા) (૪) પ્રા. કિશોરસિંહ દેસાઈ

(૨૪) સરકારી વિજ્ઞાન કોલેજ, વાલોડમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા: ૧૮–૧–૨૦૦૩ના પત્રાંક: સ.વિ.કો/કાયમી જોડાણ/૨૦૦૨–૨૦૦૩/૩૪૨ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા

બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. કે.આર.દેસાઇ | (૨) | પ્રા. અનિલભાઇ ગોયલ |
| (૩) | પ્રા. ગિરીશભાઇ રાણા | (૪) | પ્રા. ભગવાનદાસ પંચાસરા |
| (૫) | આ.ડૉ.ભાસ્કરભાઇ રાવળ | (૬) | આ.ડૉ. જી.એચ.ભટ્ટ (સુરત) |

(૨૫) સ્ત્રીઓ પર થતાં બળાત્કાર સામે સંરક્ષણની વ્યૂહરચના યુનિવર્સિટીના કેમ્પસ વિસ્તારમાં તથા શૈક્ષણિક સંસ્થામાં ઊભી કરવા માટે રાષ્ટ્રીય મહિલા આયોગની તા: ૨૨–૧૧–૦૨ની સભામાં કરવામાં આવેલ ભલામણ–રિપોર્ટ આ યુનિવર્સિટીને મોકલી યોગ્ય કાર્યવાહી કરી પગલાં લેવાની જાણ કરતા રાષ્ટ્રીય મહિલા આયોગ, ન્યુ દિલ્હીના સંયુકત સચિવશ્રીના તા: ૧૬–૧૨–૦૨ના મળેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાષ્ટ્રીય મહિલા આયોગની તા: ૨૨–૧૧–૦૨ ની સભામાં કરવામાં આવેલ ભલામણ– રિપોર્ટનો અમલ કરવો અને તે કુલપતિશ્રી દ્વારા નિયુકત સેલને મોકલવો અને દરેક કોલેજને પરિપત્ર કરી જાણ કરવી.

(૨૬) વિવેકાનંદ કોલેજ ઓફ એડવાન્સ અને ઇન્ફર્મેશન સાયન્સ, જહાંગીરપુરા, સુરતમાં બી.સી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે ચાલુ/વધારાનું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઇ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિવેકાનંદ કોલેજ ઓફ એડવાન્સ અને ઇન્ફર્મેશન સાયન્સ, જહાંગીરપુરા, સુરતમાં બી.સી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે ચાલુ/વધારાનું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને

આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો</u> :**

૧. નવા ભવનમાં તાત્કાલિત શીફ્ટ કરવામાં આવે.

૨. આચાર્ય/ડાયરેકટરની નિમણૂંક કરવામાં આવે.

૩. આવશ્યક શિક્ષકોની ભરતી કરવામાં આવે.

૪. ૩૦ કોમ્પ્યુટરની નવી લેબોરેટરી બનાવવામાં આવે.

૫. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બી નું યથાર્થ પરિપાલન કરવામાં આવે.

૬. વિદ્યાર્થીઓ માટે નવા ભવનમાં ઈનડોર ગેમ, તથા કેન્ટીનની વ્યવસ્થા કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણોમાં જણાવેલ શરતો પૈકી શરત ક્રમાંક: (૬) રદ્દ ગણવી અને નીચે જણાવ્યા પ્રમાણેની શરતો આમેજ કરવી. ઉપરોકત તમામ શરતોનું અને સિન્ડિકેટે આમેજ કરેલ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે ઉપરોકત કોલેજને બી.સી.એ. ના અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટેનુ ચાલુ/વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧. વિદ્યાર્થીઓ માટે રમત ગમતની સુવિધા ઉભી કરવામાં આવે.

૨. ગ્રંથાલયમાં આવશ્ય પુસ્તકો વસાવવા.

૩. યુનિવર્સિટી અને રાજ્ય સરકારના વખતોવખત અમલ આવતા ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવાની સંચાલક મંડળે બાંહેધરી આપવી.

(૨૭) સુરતની સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરીંગ અને ટેકનોલોજીમાં આર્કિટેકચરના પ્રાધ્યાપકની જગ્યા પુરવા માટે જાહેરાત આપવાની થતી હોવાથી સદર કોલેજના આચાર્યશ્રીએ તેમના તા: ૧૫–૧૧–૨૦૦૨ના પત્રથી જણાવ્યાનુસાર ઉપરોકત જગ્યા માટેના અનુભવ અને લાયકાત ધોરણો જે કાઉન્સિલ ઓફ આર્કિટેકચરે તેની તા: ૨૨–૦૧–૦૨ની સભામાં તેમજ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશને (AICTE) મંજૂર કરેલ છે. તે અનુભવ અને લાયકાત ધોરણો સ્વીકારવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૪ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

<u>**એકેડેમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૪**</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચરના પ્રાધ્યાપકની જગ્યા માટે કાઉન્સિલ ઓફ આર્કિટેકચર તેમજ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન (AICTE) એ મંજૂર કરેલ અનુભવ અને લાયકાત ધોરણો સ્વીકારવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી.

(૨૮) સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટ રામપુરા, સુરત સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેરા મેડિકલ કોર્ષિસ (ડી.એમ.એલ.ટી) ની કાયમી માન્યતા મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટ તરફથી યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા: ૪–૯–૨૦૦૧ની સભાના ઠરાવ ક્રમાંક: (૬) અન્વયે, કરેલ ભલામણ પર સિન્ડિકેટે તેની તા: ૨/૯–૫–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૨૮) અન્વયે, વિચારણા કરી એકેડમિક કાઉન્સિલમાં શરતો નક્કી ન થઈ હોય, પુન: વિચારણા કરવા માટે મોકલવાનું ઠરાવ્યું હોય તે અંગે એકેડમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૨૨ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

<u>**એકેડેમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૨૨**</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટ, રામપુરા, સુરત સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેરા મેડિકલ કોર્ષિસ (ડી.એમ.એલ.ટી) ની કાયમી માન્યતા મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટ તરફથી યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન જૂન–૨૦૦૧ થી એક વર્ષ માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>**શરતો**</u> **:**

**૧.** જરૂરી શિક્ષકોમાં પૂર્ણ સમયના એક શિક્ષક શ્રીમતી એચ.આર.માસ્તરની પૂરા સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂંક કરેલ છે.

૨. પાર્ટ ટાઈમ અને મુલાકાતી શિક્ષકોની પણ યુનિવર્સિટીના નિયમોનુસાર થીયરી તેમજ પ્રેકટીકલ માટે ગોઠવણ કરવામાં આવેલી છે.

૩. પ્રવેશ આપતા પહેલા તે અંગેની જરૂરી કાર્યવાહી નિયત થયેલા સભ્યોની હાજરીમાં કરી હતી. પ્રવેશ દરમ્યાન નિયમાનુસાર અનામત ધોરણો જાળવ્યા હતા અને તે પ્રમાણેની ભવિષ્યમાં કાળજી રાખશે એવી ખાતરી આપવામાં આવેલ છે.

૪. ગ્રંથાલયના તમામ પુસ્તકો પર સંસ્થાના નામના રબર સ્ટેમ્પ મારવામાં આવે છે અને પુસ્તકોની અંદર યોગ્ય નંબરીંગ કરવામાં આવેલ છે. ગ્રંથાલય વ્યવસ્થિત કરવા માટે લાયબ્રેરી સર્ટિફિકેટ કોર્ષ કરેલ શ્રી એમ.એમ.માલમની ઓગષ્ટ–૨૦૦૦થી નિમણૂંક કરવામાં આવેલ છે.

૫. બાયોકેમેસ્ટ્રી માટે મુલાકાતી વ્યાખ્યાતાની નિમણૂંક કરેલ છે.

૬. ગ્રંથાલયમાં રૂા. ૧૦,૦૦૦/–ના પુસ્તકો તથા સંબંધિત વિષયના સામાયિક ખરીદવામાં આવેલ છે.

૭. કુલ મળેલી ફી ના ૧૦ % યુનિવર્સિટી ડેવલપમેન્ટ ચાર્જીસ પેટે રૂા.૧૦,૦૦૦/– નો ચેક પત્ર ક્રમાંક: એસએમટી/૨૦૦૦–૨૦૦૧/૧૬૫, તા: ૫–૧૦–૨૦૦૦થી મોકલવામાં આવ્યો હતો. પરંતુ યુનિવર્સિટી કાર્યાલયે તે સ્વીકાર્યો ન હતો.

૮. યુનિવર્સિટીના વખતોવખત અમલમાં આવતા ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવાની સંચાલક મંડળે લેખિત બાંહેધરી આપેલ છે.

૯. કોલેજના સંચાલનમાં તથા સંચાલન માટે જો કોઈ ખોટ આવે તો ભરપાઈ કરવાની સંચાલક મંડળે લેખિત બાંહેધરી આપેલ છે.

૧૦. યુનિવર્સિટી નિયમોનુસાર શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે તેમજ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૯(એ) અને ૬૯(બી) નો ચુસ્તપણે અમલ કરવામાં આવશે એમ જણાવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણો સ્થાનિક તપાસસમિતિના પ્રથમ સભ્ય ડૉ. કે.આર.દેસાઈ શરતો સુધારશે અને સુધારેલી શરતો સહિત આગામી સિન્ડિકેટમાં વિચારણા માટે બાબત રજૂ કરવી.

(૨૯) શ્રી મણીલાલ હરીલાલ કડકિયા ચેરીટેબલ ટ્રસ્ટ, અંકલેશ્વર દ્વારા અંકલેશ્વર મુકામે નવી સ્વનિર્ભર વિજ્ઞાન કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી નવું જોડાણ મેળવવા યુનિવર્સિટીને

મોકલેલ જોડાણઅરજી ના સંદર્ભમાં નિયુકિત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત

લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા: ૨૨–૭–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૧૮ અન્વયે કરેલી ભલામણ પર સિન્ડિકેટે તેની તા: ૨૨–૭–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક: ૩૬ અન્વયે એકેડમિક કાઉન્સિલને પુન: વિચારણા કરવા માટે મોકલવાનું નક્કી થયેલ હોય, તે અંગે એકેડમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ઠરાવ ક્રમાંક: ૨૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(એકેડમિક)**

**એકેડમિક કાઉન્સિલની તા: ૨૨–૭–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૧૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મણિલાલ હરિલાલ કડકિયા ચેરીટેબલ ટ્રસ્ટ અંકલેશ્વર ધ્વારા અંકલેશ્વર મુકામે નવી સ્વનિર્ભર વિજ્ઞાન કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી નવું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ના સંદર્ભમાં નિયુકિત સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે પ્રસ્તુત કોલેજે સરકારશ્રી ની પરવાનગી તેમના ધાર ધોરણ મુજબ પરવાનગી પ્રથમ મેળવવા જણાવવું. જો પરવાનગી આવે તો નીચેની શરતોને આધિન એક વર્ષ એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે જોડાણ આપવા તેમજ શરતોનું યથાર્થ પરિપાલન થયુ છે કે કેમ તે તપાસવા ચકાસણી સમિતિની નિમણૂંક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૧) નવી કોલેજ શરૂ કરવા માટે આચાર્યશ્રીની નિમણૂંક યુનિવર્સિટીના નિયમાનુસાર કરવામાં આવે.

(૨) યુનિવર્સિટી ધારા ધોરણ મુજબ જે તે વિષયના પ્રાધ્યાપકો તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે.

(૩) વિજ્ઞાન વિદ્યાશાખા માટે પ્રાયોગિક લેબની જરૂરિયાતને ધ્યાનમાં રાખી જરૂરી સાધનો તેમજ કેમિકલ્સની ખરીદ્દી કરવામાં આવે.

(૪) ગ્રંથાલયમાં રૂપિયા ૨૫,૦૦૦ ના પુસ્તકો રૂા. ૧૦,૦૦૦ ના જર્નલોની ખરીદ્દી કરવામાં આવે.

(૫) એફીલીએશન ફી જમા કરાવવી તથા યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવાની બાંહેધરી સંસ્થા આપે.

(૬) કોલેજના સંચાલનમાં કોઈપણ પ્રકારની ખોટ આવે તો તે ભરપાઈ કરવાની બાંહેધરી સંચાલક મંડળ આપે.

(૭) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯–એ તથા ૬૯–બી નો ચુસ્તપણે અમલ કરવા માટે બાંહેધરી આપવામાં આવે.

**<u>સિન્ડિકેટની તા: ૨૨–૭–૨૦૦૨ ની સભાની ભલામણ ક્રમાંક : ૩૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત એકેડમિક કાઉન્સિલને પુન: વિચારણા

માટે મોકલવી.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૨૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં એકેડમિક કાઉન્સિલની તા: ૨૨–૭–૨૦૦૨ ની સભાની ઉપરોકત ભલામણ ક્રમાંક: ૧૮ યથાવત સ્વીકારવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત ટ્રસ્ટ કયા વિષયો સાથે અને કયા શૈક્ષણિક વર્ષથી સૂચિત સ્વનિર્ભર કોલેજ શરૂ કરવા માંગે છે તેની માહિતી મંગાવવી. માહિતી મળે ફરીથી સિન્ડિકેટની વિચારણા માટે બાબત રજૂ કરવી.

(૩૦) બી.આર.સી.એમ.કોલેજ ઓફ બિઝનેશ એડમીનિસ્ટ્રેશન, સુરતની જૂન, ૨૦૦૨ થી બી.બી.એ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, સંયુકત સહીથી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૩૧ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૩૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.આર.સી.એમ કોલેજ ઓફ બિઝનેશ એડમીનિસ્ટ્રેશન, સુરતની જૂન ૨૦૦૨ થી બી.બી.એ નું ચાલુ જોડાણ મેળવવા માટેની અરજીના સંદર્ભ સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલને આધીન એકેડમિક કાઉન્સિલની સભામાં નક્કી થયેલ નીચેની શરતોને આધીન ૨૦૦૨–૨૦૦૩ વર્ષ માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો</u> :**

(૧) ૧૯૯૮ થી ૨૦૦૧ સુધીના એલ.આઈ.સી.ના રીપોર્ટ પ્રમાણેની શરતોનું પરીપાલન

કરવું.

(૨) ડીરેકટરની નિમણૂંક કરવી તેમજ કાર્યભારને ધ્યાનમાં લઈ પૂર્ણ સમયના શિક્ષકોની નિમણૂંક કરવી.

(૩) લાયબ્રેરી વ્યવસ્થા.

(૪) કર્મચારીઓની સર્વિસબુક તૈયાર કરવી.

(૫) ફીઝીકલ ઈન્સ્ટ્રકટરની નિમણૂંક કરવી.

(૬) ઈન્ડોર ગેઈમ માટે કોલેજના મકાનમાં એક રૂમની વ્યવસ્થા કરવી.

(૭) ઓર્ડિનન્સ ૬૯ –એ અને ૬૯– બી ની શરતોનું યથાર્થ પાલન કરવાનું રહેશે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણો પ્રસ્તુત કોલેજને મોકલવી અને ત્યારબાદ પરિપાલન થયું છે કે કેમ તેની ચકાસણી કરવા માટેની ચકાસણીસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) આ.શ્રી આર.સી.શુકલ

(૨) શ્રી હેમંતભાઈ ટોપીવાલા

(૩૧) કેન્દ્રિય પ્રવેશ સમિતિ બી.એડ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમના આવાહકશ્રી એ તેમના તા: ૩૦–૧૦–૦૨ ના પત્ર ધ્વારા બી.એડ. સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમ ચલાવતી કોલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ની નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા મોકલી છે. જે અંગે વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

**<u>બી.એડ. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૦૩ માટેની સૂચિત સત્ર વ્યવસ્થા</u>**

## <u>SELF FINANCED</u>

## <u>B.Ed. Colleges</u>

## <u>PROGRAMME SCHEDULE</u>

First Term – November 2002 – March 2003
(After getting NCTE / Govt. affiliation)

Summer Vacation – April – May , 2003

Second Term – June – September , 2003

Annual Exam – October , 2003

Second Session – November , 2003

- Our II nd term ( Regular Time duration ) will be their I – Term and our I st Term will be their II nd term.

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.એડ. સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમ ચલાવતી કોલેજો માટે

શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ ની સત્ર વ્યવસ્થા નક્કી કરવાની સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) આ.શ્રી આર.સી.શુકલ (૨) ડો. કે.આર.દેસાઈ

(૩) પ્રા. અનિલભાઈ ગોયલ (૪) શ્રી હેમંતભાઈ ટોપીવાલા

(૫) આ.ડો વિનોદભાઈ પટેલ (૬) આ.ડો નાનુભાઈ પટેલ

(૭) તમામ બી.એડ.ની સેલ્ફ ફાઈનાન્સ કોલેજના આચાર્યશ્રીઓ

(૩૨) સ્ટેટયૂટ – ૨૯૧ મા Department of Computer Science ઉમેરવા અંગે કુલપતિશ્રીએ લીધેલા નિર્ણયોની સિન્ડિકેટ તેની તા: ૨૭–૦૩–૨૦૦૨ ની સભાના ઠરાવ ક્રમાંક: ૫૮ થી કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી હોઈ પ્રવર્તમાન સ્ટેટયૂટ–૨૯૧ માં અનુક્રમ નં.–૧૬ પછી અનુક્રમ નં.–૧૭, પર Department of Computer Science ઉમેરવા અને સ્ટેટયૂટ–૨૯૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

**<u>Statute – 291</u>**

“ The following shall be the Department of Teaching and Research, they shall provide post-graduate instruction, guide and undertake research in the following subjects :

1. Department of Economics including Econometrics
2. Department of Public Administration

3. Department of Sociology
4. Department of Psychology
5. Department of Research Methodology and Inter disciplinary studies in Social Sciences

   ( The Syndicate may organise these Department into a University School of Social Sciences for administrative purpose.)
6. Department of Gujarati
7. Department of English
8. Department of Linguistics
9. Department of Comparative literature.

   ( The Syndicate may organise the Department into a University School of languages for administrative purpose provided that the Department of English may be required to participate in teaching English to other Classes as may be determined by the Syndicate)
10. Department of Mathematics
11. Department of Statistics
12. Department of physics
13. Department of Chemistry
14. Department of Bio-Science
15. Department of Electronics Science
16. Department of Acquatic Biology
17. Department of Computer Science

    ( The Syndicate may organise these Department into a University School of Sciences for administrative purpose.)

18. Mahatma Gandhi Department of Rural Studies
19. Department of Business and industrial Management
20. Department of Education
21. Department of Library and information Science
22. Department of Continuing Education and Extension Work

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચવામાં આવી છે.

(૩૩) શ્રી મોરારજી દેસાઈ આર્ટસ કોલેજ, બુહારી ની જૂન ૨૦૦૧ થી આર્ટસ કોલેજની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ સંયુકત સહીથી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૧–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૩૩ અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

**<u>એકેડેમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૩૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મોરારજી દેસાઈ આર્ટસ કોલેજ, બુહારીની જુન ૨૦૦૧ થી આર્ટસ કોલેજની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોની પૂર્તતા કરવામાં આવે તે શરતોને આધિન જૂન ૨૦૦૧ થી પાંચ વર્ષ માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો</u> :**

**૧.** બહેનો માટે શૌચાલયની ઉપર સિન્થેટીક ટાંકી ગોઠવી નળ કનેકશન દ્વારા આધુનિક પધ્ધતિએ પાણી પૂરું પાડવામાં આવે.

૨. હિન્દીના વ્યાખ્યાતા કુમારી એસ.એસ.કાપડિયાની સમસ્યાનું સમાધાન કરી તેમને સ્થાને કાયમી જગ્યા પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરાવવી જોઈએ.
( જો કે તા: ૨૫–૧૦–૨૦૦૨ના રોજ યુનિવર્સિટી ઉપર હાજર રહી કુમારી એસ.એ.કાપડિયાએ સ્વૈચ્છાએ રાજીનામું આપ્યું હોવાનું હવે સાબિત થયું છે. ત્યારે આ બાબતે કોઈ વિશેષ સમસ્યા રહેતી નથી.)

૩. નવા ખરીદવામાં આવતાં પુસ્તકોની નોંધણી વિના વિલંબે કરવામાં આવે કે જેથી વિદ્યાર્થીઓને સમયસર તે ઈસ્યુ કરી શકાય.

૪. વાંચનાલય સ્ટાફ કોમનરૂમથી દૂર હોઈ તે જરૂરી છે. જેથી વિદ્યાર્થીઓને વાંચનમાં ખલેલ ન પડે.

૫. કોલેજની ઓફિસ કાર્યાલય કોલેજ કેમ્પસમાં જ રાખવામાં આવે જેથી વિદ્યાર્થીઓ સરળતાથી પોતાના કામો આટોપી શકે.

૬. પ્રથમ તાસથી હાજરી વધે અને અભ્યાસ ન બગડે એ માટે સમયસરની બસ સુવિધા માટે લાગતાવળગતા સાથે પત્રવ્યવહાર કરવામાં આવે.

૭. એન.સી.સી. વિશે હાલમાં તાત્કાલિક કશું થઈ શકે એમ ના હોઈ, પરંતુ ભવિષ્યમાં વિદ્યાર્થીઓના હિતમાં કાર્યવાહી થાય તે ઈચ્છનીય છે.

૮. ઓર્ડિનન્સ ૬૯ એ અને ૬૯ બી ની શરતોનું યથાર્થ પાલન કરવાનું રહેશે.

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચવામાં આવી છે.

(૩૪) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે બી.એડ. કોલેજોમાં તાલીમાર્થીઓને પ્રવેશ આપવા બાબતે પ્રવેશ સમિતિની રચના કરવા બાબત.

(**નોંધ** : ૧. આ અંગે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના આચાર્યશ્રીએ તા: ૨૧–૧૨–૨૦૦૨ ના પત્રથી જાણ કરી છે.

૨. શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષ માટે બી.એડ. પ્રવેશ સમિતિના સભ્યો નીચે પ્રમાણે હતા.)

૧. ડો. શશિકાંત શાહ (કન્વીનર).
ડીનશ્રી, શિક્ષણ વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૨. ડો. કે.આર.દેસાઈ (સિન્ડિકેટ ના પ્રતિનિધિ).

૩. પ્રા. અનિલભાઈ ગોયલ (સિન્ડિકેટ ના પ્રતિનિધિ).

૪. આચાર્યશ્રી, વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરત.

૫. આચાર્યશ્રી, શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બિલિમોરા.

૬. આચાર્યશ્રી, કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ, જિ–ભરૂચ.

૭. ઈ.ચા.આચાર્યશ્રી, શ્રી વી.આર.ભકત કોલેજ ઓફ એજયુકેશન, કામરેજ ચાર રસ્તા, ખોલવડ.

૮. આચાર્યશ્રી, કોલેજ ઓફ એજયુકેશન, નાની દમણ.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૩૫) સ્ટેટયૂટ–૨૯૪ની કલમ–૪,૫ અને ૬ અન્વયે કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની નીચે દર્શાવ્યા પ્રમાણે ત્રણ (૩) વર્ષની મુદ્દત માટે પુન: રચના કરવા અંગે વિચારણા કરવા બાબત. **(યુ.જી.સી.)**

૪. Five senior teachers of the University Teaching Departments to be appointed by the syndicate.

૫. Nine Principals of the affiliated colleges to be appointed by the syndicate.

૬. Nine teachers of the affiliated colleges to be appointed by the syndicate.

**(નોંધ : સભ્યોની મુદ્દત તા: ૮–૧૨–૨૦૦૨ના રોજ પૂરી થઈ છે.)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૩૬) યુનિવર્સિટીની મેડીકલ ફેકલ્ટીના સેનેટ સભ્યશ્રી ડૉ.પી.કે.પટેલે પોતાના પર્સનલ લેટરપેડ ઉપર યુનિવર્સિટીનો 'લોગો' (પ્રિન્ટીગ બ્લોક) નું છાપકામ કરાવવા માટે સદર 'લોગો' ની માંગણી કરતા શ્રી પટેલના તા: ૧–૧–૨૦૦૩ થી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ ફેકલ્ટીના સેનેટ સભ્યશ્રી ડૉ.પી.કે.પટેલે તેમના તા: ૧–૧–૨૦૦૩ના પત્રથી કરેલી માંગણી સ્વીકારવી નહીં.

(૩૭) નાણાં સમિતિની તા: ૭/૧૦–૫–૦૨ ની સભાની ભલામણ ક્રમાંક: ૪ અન્વયે નિમાયેલ પેટા સમિતિની તા: ૬–૮–૦૨ની સભાની કાર્યવાહી પર નાણાં સમિતિએ તેની તા: ૩–૧–૦૩ની સભામાં કરેલ ભલામણ ક્રમાંક (૭) થી સિન્ડિકેટને ભલામણ કરી હોય તે અંગે વિચારણા કરવા બાબત.

**(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણા સમિતિએ તેની તા: ૩–૧–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક: (૭) થી કરેલી ઉપરોકત ભલામણ મંજૂર કરવી.

(૩૮) બાયો–સાયન્સ વિભાગ માટે નાણાં સમિતિની તા: ૧–૧૦–૯૯ બાબત નં. ૪ અંગે સિન્ડિકેટે તેની તા: ૪–૧–૨૦૦૦ ઠરાવ નં. ૯ થી બિડાણ મુજબ છ (૬) પાર્ટીઓ પાસેથી રેઈટ કોન્ટ્રાકટથી કેમીકલ્સ, ગ્લાસવેર, વૈજ્ઞાનિક સાધન સામગ્રી સને ૧૯૯૯–૨૦૦૦ (જુન) સુધી ખરીદવા મંજૂરી આપવામાં આવી હતી પ્રસ્તુત મંજૂરી સને ૨૦૦૧–૨૦૦૨ માટે નાણાં સમિતિએ તા: ૧૭–૮–૨૦૦૧ બાબત–૧૧ રીન્યુ કરવામાં આવી હતી. પ્રસ્તુત મંજૂરી સને ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષ માટે રીન્યુ કરવા નાણાં

સમિતિએ તેની તા: ૩–૧–૦૩ની સભાની ભલામણ ક્રમાંક: (૩) થી સિન્ડિકેટને ભલામણ કરી હોય તે અંગે વિચારણા કરવા બાબત.

**(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણા સમિતિએ તેની તા: ૩–૧–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક: (૩) થી કરેલી ઉપરોકત ભલામણ મંજૂર કરવી.

(૩૯) એકવેટીક બાયોલોજી વિભાગ માટે કેમીકલ્સ, ગ્લાસવેર, વૈજ્ઞાનિક સાધન સામગ્રી સને ૨૦૦૨–૨૦૦૩ (જૂન) સુધી રેઈટ કોન્ટ્રાકટથી ખરીદવા મંજૂરી આપવામાં આવે તેઓ પાસેથી ખરીદવા અંગે નાણા સમિતિએ તેની તા: ૩–૧–૦૩ ની સભામાં કરેલ ભલામણ ક્રમાંક (૬) થી સિન્ડિકેટને ભલામણ કરી હોય તે અંગે વિચારણા કરવા બાબત.

**(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણા સમિતિએ તેની તા: ૩–૧–૦૩ ની સભાના ઠરાવ ક્રમાંક: (૬) થી કરેલી ઉપરોકત ભલામણ મંજૂર કરવી.

(૪૦) યુનિવર્સિટી દ્વારા યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, વેસુ શાખા પાસેથી રૂ.૨૦,૦૦,૦૦૦/– ની લોન લઈ ભાડે આપવાના મકાન અને બેન્ક પાસેથી યુનિવર્સિટીએ લેવાની થતી ભાડાની રકમ અંગે નવા ગોઠવાયેલા માળખા બાબતની ચર્ચા વિચારણા પર નાણાં સમિતિએ તેની તા: ૩–૧–૦૩ની સભામાં નકકી કરવામાં આવે છે. યુનિવર્સિટીમાં આવેલ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા પાસે

રૂ.૨૦,૦૦,૦૦૦/– નું લોન પેટે લઈ મકાનનું બાંધકામ કરાવવું. ત્યારબાદ આ કોમર્સીયલ કોમ્પ્લેક્ષમાં બેંકને ૧૨૦૦ ચોરસ ફૂટ ભાડે આપવું અને આ ભાડાની રકમ માંથી લોનની લીધેલી રકમ ભરપાઈ કરવી. આ ઉપરાંત નીચેની શરતો ધ્યાનમાં રાખી.

**(હિસાબી)**

૧. યુનિવર્સિટી ધ્વારા બંધાનાર બેંક માટે પ્રિમાઈસીસનું ભાડુ ચોરસફીટ રૂા. ૧૫ રાખીયે.

૨. બિલ્ડપ એરીયા ગણીને ભાડું આકારવાનું રાખીએ.

૩. દર ત્રણ વર્ષે ભાડાનો ૧૦ % નો વધારો લેવાનું રાખીએ.

૪. દર નવ વર્ષે કરાર પૂરો કરી નવું ભાડુ વધારવાનો અધિકાર રાખીયે.

૫. આ બાબતે બેંક સાથે વાટાઘાટો કરવા તથા જરૂર પડ્યે ફેરફાર કરવા કુલપતિશ્રીને

સત્તા

આપવી.

ઉપર દર્શાવેલી ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે બેંક માટેનું મકાન બાંધવા માટે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, વેસુ શાખા ધ્વારા વ્યાજ સિવાયની લોન આપવાની અશક્તિ દર્શાવતા લોન લેવી નહીં. બેંક માટેનું મકાન યુનિવર્સિટીના સ્વભંડોળ માંથી બનાવવું તેથી મકાન ભાડે આપવાની શરતોમાં ફેરફાર કરી નવી દરખાસ્ત મોકલવી તથા બેંક સાથે વાટાઘાટો કરી ભાડે આપવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૪૧) ઈ.સ. ૨૦૦૧માં ખરીદેલા ૧૭૫ આઈ.બી.એમ. ગ્લોબલ સર્વિસીસ ઈન્ડિયા પ્રા.લિ., જેએમસી હાઉસ, આંબાવાડી, અમદાવાદની કંપનીના કોમ્પ્યુટરના વાર્ષિક નિભાવ કરાર (એ.એમ.સી) અંગેનું તુલનાત્મક પત્રક પર નાણાં સમિતિએ તેની તા: ૩–૧–૦૩ની સભામાં નક્કી કર્યા પ્રમાણે આઈ.બી.એમ. કંપની પાસે ખરીદેલ ૧૭૫ કોમ્પ્યૂટરના મે. ઈન્નોવેટીવ ટેલીકોમ એન્ડ સોફ્ટવેર પ્રાઈવેટ લિ. પાસે પ્રત્યેક કોમ્પ્યૂટરદીઠ બે વર્ષના રૂા. ૯૫૦/– ના દરે વાર્ષિક નિભાવ કરાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે તેમ જ જે કોમ્પ્યુટર સેલ્ફ ફાયનાન્સ હેઠળ છે તો તેનો ખર્ચ જે તે વિભાગ ધ્વારા ભોગવવો તેમ જ બાકીનો કોમ્પ્યુટરનો ખર્ચ જનરલ ફંડ ખાતે ઉધારવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણા સમિતિની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને ૧૭૫ આઈ.બી.એમ. ના કોમ્પ્યુટર માટે મે. ઈન્નોવેટીવ ટેલીકોમ એન્ડ સોફ્ટવેર પ્રા.લિ.

પાસે પ્રત્યેક કોમ્પ્યુટર દીઠ બે વર્ષના રૂા. ૯૫૦/– ના દરે નિભાવ કરાર (એ.એમ.સી) કરવો.

(૪૨) તબીબી વિદ્યાશાખા હેઠળના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં આપવામાં આવતી ડીગ્રી/ ડિપ્લોમાંના નામાભિધાન (Nomenclatures) બદલી તેનો અમલ કરવાની વિનંતી કરતા MCI ના ડેપ્યુટી સેક્રેટરી ડો.પી.કુમારના તા: ૧૩–૧–૨૦૦૩ના પત્રાંક : MCI/24-(1)/2002-Med/32224 પર તથા હાલમાં સ્ટેટયુટ–૨૨૯ હેઠળ અપાતી વિવિધ પદવી અને ડિપ્લોમાંના નામાભિધાન (Nomenclatures) માં ફેરફાર કરવા તથા હાલમાં અપાતી ડિગ્રી/ડિપ્લોમાં સ્ટેટયૂટ–૨૨૯ મુજબ આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં આપવામાં આવતી ડીગ્રી/ડિપ્લોમાંના નામાભિમાન (Nomenclatures) એમ.સી.આઈ.ના ડેપ્યુટી સેક્રેટરી ડો.પી.કુમારના તા: ૧૩–૧–૨૦૦૩ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે ફેરફાર કરવો અને સ્ટેટયૂટ–૨૨૯ માં જરૂરી સુધારા વધારા કરવા આગળની ઘટતી કાર્યવાહી કરવી.

(૪૩) પરીક્ષા આચાર સમિતિની તા: ૨૨–૧–૨૦૦૩ની સભાની કાર્યવાહીની બાબત ક્રમાંક : ૪, ૫, બા.ક્ર: ૬ ની (પેટાક્રમાંક : ૭ અને ૮ ) અને બા.ક્ર : ૮ ની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા: ૨૨–૧–૨૦૦૩ની સભાની કાર્યવાહીની બાબત ક્રમાંક: ૪, ૫, બાબત ક્રમાંક: ૬ની (પેટા ક્રમાંક: ૭ અને ૮) અને બાબત ક્રમાંક: ૮ ની નોંધ તથા ભલામણો મંજૂર કરવી.

(૪૪) શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી બી.પી.એડ. સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી કોલેજોની સત્ર વ્યવસ્થા નક્કી કરવા અંગેના આચાર્યશ્રી (ડો.) બી.બી.કાવીના ના તા: ૩૧–૧૨–૦૨ ના પત્રથી કરેલ વિનંતી અનુસાર પ્રસ્તુત અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજ માટે સૂચિત સત્ર વ્યવસ્થા તૈયાર કરવા અંગે શિક્ષણ વિદ્યાશાખાએ તેની તા: ૧૦–૦૧–૦૩ ની સભાની બાબત ક્રમાંક: ૧૧ થી કરેલી નીચેની ભલામણ પર એકેડમિક કાઉન્સિલે તેની તા: ૧૬–૧–૨૦૦૩ની સભાના ઠરાવ

ક્રમાંક: ૨૨ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી બી.પી.એડ.(સ્વનિર્ભર) અભ્યાસક્રમ ચલાવતી કોલેજની સત્ર વ્યવસ્થા નીચે પ્રમાણે ગોઠવવા એકેડેમિક કાઉન્સિલને તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

| | |
|---|---|
| પ્રથમ સત્ર | ઓકટોબર થી માર્ચ |
| દ્વિતીય સત્ર | મે થી સપ્ટેમ્બર |

**<u>એકેડેમિક કાઉન્સિલની તા: ૧૬–૧–૨૦૦૩ ની સભાની ભલામણ ક્રમાંક : ૨૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી બી.પી.એડ. (સ્વનિર્ભર) અભ્યાસક્રમ ચલાવતી કોલેજની સત્ર વ્યવસ્થાની ઉપરોકત ભલામણ સ્વીકારવા અંગે આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.એડ.ની સત્ર વ્યવસ્થા નક્કી કરવા માટેની ઠરાવ ક્રમાંક: (૩૧) થી નિમવામાં આવેલ સમિતિને આ કામગીરી સોંપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બી.પી.એડ. કોલેજના આચાર્યશ્રીનો પ્રસ્તુત સમિતિમાં સમાવેશ કરવો.

(૪૫) યુનિવર્સિટી ડી.બી.આઈ.એમ. ના અનુસ્નાતક વિભાગમાં એમ.બી.એ. ભાગ–૧ (ઈવનીંગ) પ્રથમ સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની ખુટતી હાજરી માફ કરવાની સત્તા સિન્ડિકેટના કાર્યક્ષેત્રમાં આવતું હોય અને કુલપતિશ્રીએ સિન્ડિકેટની મંજુરીની અપેક્ષા એ નીચેના વિદ્યાર્થીઓનું પ્રથમ સેમેસ્ટર મંજુર કરેલ હોય જે કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**(અનુસ્નાતક)**

**(૧)** બદામી જીગ્નેશ એચ.

**(૨)** શાહ વૈભવ અશ્વિનકુમાર

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવી.

(૪૬) સને ૨૦૦૩ના વર્ષ માટે જાહેર રજાઓ તથા મરજીયાત રજાઓ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ, જાહેરનામું, સચિવાલય, ગાંધીનગર. ૨૫ મી નવેમ્બરથી જાહેર કરી છે. પ્રસ્તુત જાહેર રજાઓ તથા મરજીયાત રજાઓ યુનિવર્સિટીના કર્મચારીઓને લાગુ પાડવા અંગે કુલપતિશ્રીના નિર્ણયની નોંધ લેવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત નિર્ણયની નોંધ લેવી.

(૪૭) ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું રીજીયોજલ કેન્દ્ર દ.ગુ.યુનિવર્સિટી કેમ્પસ ખાતે શરૂ કરવા અંગે કુલપતિશ્રી ડૉ. કે.ડી.વસાવા ના તા: ૧૦–૧૨–૦૨ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(એસ્ટેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું રીજીયોનલ કેન્દ્ર શરૂ કરવા પ્રસ્તુત યુનિવર્સિટીના કુલપતિશ્રીએ કરેલ વિનંતી સ્વીકારવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીના પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટ (આર એન્ડ બી) ના ભાડા ની શરતો ધ્યાને લઈ મકાન ભાડે આપવા અંગેની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૪૮) યુનિવર્સિટી કેમ્પસ પર યુ.જી.સી. દ્વારા ધરતીકંપના સંદર્ભે મળેલ રૂા. ૩.૫૦ કરોડની સહાય તથા તેના વ્યાજની રકમ હેઠળ ચાલતા બાંધકામના કામો તથા અન્ય તમામ રીપેર/મેજર રીપેરના કામો માટે જરૂર પડતી મંજૂરી આપવા અંગે પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિને સત્તા આપવા બાબત.

**(એસ્ટેટ)**

:: યુનિવર્સિટી કેમ્પસ પર યુ.જી.સી. દ્વારા ધરતીકંપના સંદર્ભે મળેલ રૂા. ૩.૫૦ કરોડની સહાય તથા તેના વ્યાજની રકમ હેઠળ ચાલતા બાંધકામના કામો તથા અન્ય તમામ રીપેર/મેજર રીપેરના કામો માટે જરૂર પડતી મંજૂરી/નિર્ણય લેવાની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિને સત્તા આપવાનું અગાઉ સિન્ડિકેટની સભામાં નક્કી થયું હતું પરંતુ કોઈ કારણસર રેકર્ડ ઉપર આ બાબત લેવાની રહી ગઈ હોવાથી નીચે મુજબ ઠરાવ ફરીથી કરવામાં આવે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર યુ.જી.સી. દ્વારા ધરતીકંપના સંદર્ભે મળેલ રૂા. ૩.૫૦ કરોડની સહાય તથા તેના વ્યાજની રકમ હેઠળ ચાલતા

બાંધકામના કામો તથા અન્ય તમામ રીપેર/મેજર રીપેર ના કામો માટે જરૂર પડતી મંજૂરી/નિર્ણય લેવાની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિને સત્તા આપવી.

(૪૯) યુનિવર્સિટી કેમ્પસ પર ના ચોથા વર્ગ ના કર્મચારીઓ માટેના જુના કવાટર્સ પૈકીનો બ્લોક "આઇ" તોડીને ઉતારી પાડવા અંગે વિચારણા કરવા બાબત.

**(એસ્ટેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર ના ચોથા વર્ગના કર્મચારીઓ માટેના જુના કવાટર્સ પૈકીનો બ્લોક ' આઇ ' જર્જરીત હાલતમાં હોવાથી તેને તાકીદે ઉતારી પાડવો.

(૫૦) યુનિવર્સિટીની એન્જિનિયરીંગ ફેકલ્ટીમાં અનુસ્નાતક પદવી મેળવાનાર વિદ્યાર્થી જો પીએચ.ડી. માટે સંશોધન કાર્ય કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે હાલમાં આપણી યુનિવર્સિટી સંલગ્ન એન્જિનિયરીંગ કોલેજોમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકોની સંખ્યા, એસ.વી.આર.કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત ને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજજો પ્રાપ્ત થતાં, ઓછી થઈ હોય તેમજ સંલગ્ન એન્જિ. કોલેજોમાં સિવિલ એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ ચાલતો ન હોવાથી અને

ઘણું ખરૂ પીએચ.ડી. સંશોધન કાર્ય કરવા સિવિલ એન્જિનિયરીંગ બ્રાંચમાં જ વિદ્યાર્થીઓ નોંધણી કરાવતા હોય સદરહુ એન્જિનિયરીંગ કોલેજના જુદી જુદી એન્જિનિયરીંગ બ્રાંચમાં જે તે શિક્ષકોને આપણી યુનિવર્સિટી ધ્વારા પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપી છે, તેઓને આપણી યુનિવર્સિટીમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકો તરીકેની માન્યતા ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૫૧) યુનિવર્સિટી કાર્યાલયની બે (૨) એમ્બેસેડર ગાડીઓ અનુક્રમે નં. જીએજી–૮૫૭૩ અને નં. જીઆરબી–૬૮૦૯ તથા જીપ નં. જીયુસી–૯૬૦૮ છેલ્લા કેટલાક વર્ષોથી નોનયુઝમાં પડી રહી હોવાથી તેના વેચાણની મંજુરી માટે રાજય સરકારને વારંવાર પત્રો પાઠવવા છતાં રાજય સરકારશ્રી તરફથી કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોય દિન–પ્રતિદિન આ ગાડીઓની હાલત વધુ નિરૂપયોગી (Condemn) થઈ રહી હોવાથી ગાડીના નિકાલ માટે જે ભાવો ઉપજે તે ભાવે હરાજી ધ્વારા/ટેન્ડર ધ્વારા નિકાલ કરવો કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારશ્રી તરફથી વારંવાર પત્રવ્યવહાર કરવા છતાં જવાબ ન મળવાથી ટેન્ડર મંગાવી જરૂર પડે હરાજી કરી નિકાલ કરવો.

(૫૨) M.B.A. Self finance Programme માં હંગામી ધોરણે CONTRACT BASE થી નિમણૂંક કરવા અંગે, કરાર અંગેનો મુસદ્દો સિ.તા: ૧૯–૧૨–૨૦૦૨ની સભામાં ઠરાવ ક્રમાંક: ૩૫ થી મંજૂર કરવામાં આવ્યો છે. તે તેમજ નિમણૂંક સમય મર્યાદા નક્કી કરવાની કુલપતિશ્રીને આપવામાં આવેલ સત્તાના સંદર્ભમાં સિન્ડિકેટ ધ્વારા મંજૂર કરવામાં આવેલ કરારનાં સંદર્ભમાં ફેરવિચારણા કરી આ સાથે સામેલ ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ધ્વારા કરવામાં આવતી આવી નિમણૂંક તથા તે અંગેના કરવામાં આવતા કરાર ની મેળવવામાં આવેલ નકલ આ સાથે રજૂ કરી છે. જે અવલોકનમાં લઈ , તે ધોરણે આપણી યુનિ.માં પણ Self Finance Programme માં નિમણૂંક કરવામાં આવનાર શિક્ષકો માટે પણ રાખીએ. જે અંગે વિચારણાં કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં યુનિવર્સિટીના એડ્વોકેટ શ્રી ધવલભાઈ દવેનો અભિપ્રાય મેળવવો. અભિપ્રાય આવ્યેથી પ્રસ્તુત બાબતે ઘટતો નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

<u>**કુલપતિશ્રીના પગલાની જાણ માટે**</u>

(૫૩) દ.ગુ.યુનિવર્સિટી કેમ્પસ પર ના વિવિધ હોસ્ટેલ બિલ્ડીંગ તથા કુલપતિ નિવાસ ના એક્ષ્ટેન્સનના કામના રીપેરીંગ કામના ટેન્ડરો બાંધકામ સમિતિની તા: ૧૫–૧–૦૩ ની સભાની બાબત (૨) અને (૩) ની ભલામણ અનુસાર સિન્ડિકેટની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવાના કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**(એસ્ટેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાં ની નોંધ લેવી.

(૫૪) યુનિવર્સિટી સંલગ્ન સદ્રવિદ્યા મંડલ ઈન્સ્ટિટયૂટ ટેકનોલોજી ભરૂચ, બી.ઈ. I માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી શ્રી પ્રણવકુમાર પ્રકાશભાઈ પટેલે યુનિવર્સિટીની ફેબ્રુઆરી ૨૦૦૨ ની પરીક્ષામાં ગેરરીતિ આચરતાં પકડાતા તેઓને કરેલ સજા સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સિવિલ

એપ્લીકેશન નં. ૫૭૩૮/૨૦૦૨ દાખલ કરી હતી. પ્રસ્તુત પીટીશનના સંદર્ભે તેઓએ ફરી પરચૂરતા સિવિલ એપ્લીકેશન નં : ૧૩૨૦/૨૦૦૨ દાખલ કરી હતી. પ્રસ્તુત એપ્લીકેશન નામદાર ગુજરાત હાઈકોર્ટે કાઢી નાંખી છે. તેની જાણ થવા સારું.

**(લીગલ સેલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની જાણ લેવી.

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી :</u>**

(૫૫) યુનિવર્સિટી સ્ટેડીયમના પાછળના ભાગે ફેન્સીંગ સુધીના ભાગમાં સેન્ટ્રલ ફોર સોશ્યલ સ્ટડીઝના મકાન સુધી તથા સ્પોર્ટસ કોમ્પલેક્ષથી નહેર સુધીના ભાગમાં ઉગેલા ગાંડા બાવળો ઉખેડીને મુળ માંથી કાઢી નાંખવા સહિતના મેસર્સ વાય.એમ.પટેલ , સુરત સાથે કુલપતિશ્રી સાથે થયેલ વાટાઘાટો મુજબ ઉચક રૂા ૩૦,૦૦૦/– ના ભાવથી કામ આપવા અંગે વિચારણા કરવા બાબત.

:: યુનિવર્સિટી કેમ્પસ ખાતે તાકીદે આઉટડોર સ્પોર્ટસ સ્ટેડીયમનું બાંધકામ શરૂ કરવા માટે જરૂરી તમામ વિસ્તાર સાફ કરવાનું જરૂરી છે. આ માટે પ્રસ્તુત વિસ્તારમાં ઉગેલા 'ગાંડા બાવળ' અને જંગલી વનસ્પતી/ઝાડ મૂળ સહિત કાઢી નાંખવા જરૂરી છે. પ્રસ્તુત કામ માટે

યુનિવર્સિટીના બાંધકામ વિભાગ તરફથી કરવામાં આવેલ ગણતરી મુજબ આ માટે બે જેસીબી મશીન એક દિવસના અંદાજે ૮ થી૧૦ કલાક કામ કરવા આશરે ૭ થી ૮ દિવસ માટે એક કલાકના અંદાજે રૂા. ૫૦૦/– થી ૫૫૦/– લેખે જેસીબી મશીન ભાડે રાખવાની જરૂર રહે છે અને પ્રસ્તુત કામ માટે બાંધકામ વિભાગને નીચે જણાવ્યા પ્રમાણેના કોન્ટ્રાકટરો જેઓએ સાઈટની મુલાકાત લઈ કામગીરીનું પ્રમાણ જોયું હતું.

(૧) મેસર્સ ગ્રીન ફીલ્ડ, સુરત એ એક કલાકના રૂા. ૫૨૫/– પ્રસ્તુત ભાવ પ્રમાણે ૧૫ દિવસ (સવારે ૮–૦૦ થી સાંજે ૬–૦૦) દરમ્યાન કામ કરવાના એક કલાકના ૫૨૫/– લેખે કુલ અંદાજીત ખર્ચ રૂા. ૭૮,૭૫૦/– .

(૨) મેસર્સ વાય.એમ.પટેલ, સુરતના ઉચ્ચક ભાવ રૂા. ૩૦,૦૦૦/– પ્રસ્તુત કોન્ટ્રાકટર દરરોજના ૩ થી ૪ જેસીબી મશીન બતાવેલી કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી કામે લગાડશે.

(૩) મેસર્સ શ્રીજી કેરીયર, સુરતએ એક કલાકના રૂા.૫૫૦/– પ્રસ્તુત ભાવ પ્રમાણે ૧૫ પ્રમાણે ૧૫ દિવસ (સવારે ૮–૦૦ થી સાંજે ૬–૦૦) દરમ્યાન કામ કરવાના એક કલાકના રૂા.૫૫૦/– લેખે કુલ અંદાજીત ખર્ચ રૂા. ૮૨,૫૦૦/– .

ગાંડા બાવળ તથા જંગલી વનસ્પતી/ઝાડ મૂળ સહિત, ઈન્ડોર સ્ટેડીયમ અને તળાવ ખોદવાનું શરૂ કરવામાં આવ્યું હતે ત્યાં સુધી નહેર સુધીનો વિસ્તાર ચોખ્ખો કરવાનો રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત તમામ વિગતો જોતાં સૌથી ઓછા ભાવ આપનાર મેસર્સ વાય.એમ.પટેલને પ્રસ્તુત કામ રૂા. ૩૦,૦૦૦/– માં સોપવું અને તે કામગીરી તાકીદે પુરી કરાવવી.

(૫૬) યુનિવર્સિટી ગીત મંજૂર કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓની જેમ દ.ગુ.યુનિ.નું પોતાનું ગીત હોવું જરૂરી છે. તેથી કુલપતિશ્રી ધ્વારા શ્રી ભગવતીકુમાર શર્મા ને યુનિવર્સિટી ગીત બનાવવા નિમંત્રણ પાઠવ્યું હતું તે મુજબ રજૂ થયેલ યુનિવર્સિટી ગીત મંજૂર કરવામાં આવ્યું. ગીત રચનાર અંગે શ્રી ભગવતીકુમાર શર્મા ને અભિનંદન પાઠવવા.

(૫૭) યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ દ.ગુ.યુનિ.માં જોડાયા પહેલાં તેમની અગાઉની સેવા દરમ્યાન તેમના ખાતે જમા થયેલ પ્રાપ્ત રજા તથા અર્ધ પગારી રજાઓ જમા લેવા અંગે સિન્ડીકેટ સભ્યશ્રી અનિલભાઈ ગોયલના તા: ૧૮/૦૧/૦૩ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં જોડાયેલા તમામ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીને તેઓની અગાઉની સેવા દરમ્યાન જમા થયેલ પ્રાપ્ત રજા તથા અર્ધ પગારી રજા જમા લેવી તથા યુનિવર્સિટીના પરિપત્રાંક ક્રમાંક: એસ–૮૪૩૬, તા: ૬–૧૦–૨૦૦૧માં જણાવ્યાં મુજબ ૧૯૮૬ પહેલાં નિમણૂંક પામેલા શૈક્ષણિક કર્મચારીઓના ખાતામાં નિવૃત્તિ સમયે જમા લેવાના બદલે જે તે વખતે જમા આપવી તથા ૧૯૮૬ પહેલા તથા પછી ના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને આનો લાભ મળવા પાત્ર થશે.

યુનિવર્સિટી કાર્યાલય

સુરત. તા: ૧૪–૨–૨૦૦૩ કુલસચિવ

ક્રમાંક : એસ–૧(૧)/૧૪૪૯ તા: ૧૪–૨–૨૦૦૩

પ્રતિ,

સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............